
## વડીલોને વંદન
## અભિનંદન



શાહ કનુભાઈ શીવલાલ
(૧૯૪૬)મો.૯૪૨૬૦૦૨૪૮૬


(હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુરમાં ગણેશ વિસર્જનની ભવ્ય શોભાયાત્રા નીકળી

પાલનપુર-આબુ હાઈ-વે પર આવેલ હનુમાન ટેકરી ખાતે રહેતા શહેરીજનો દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી પ્રતિવર્ષે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાય છે. આ વર્ષે ૧૧ વર્ષ પૂર્ણ થતા સમિતિ દ્વારા શહેરમાં ગણેશ વિસર્જનની ભવ્ય શોભાયાત્રા આજે યોજાઈ હતી. શોભાયાત્રામાં શણગારેલા ગજરાજો, અશ્વો, યુવાનો ભાવિકો સાથે કંથારિયા હનુમાન મંદિરના મહંત શિવગીરીજી હાથી પર બીરાજ્યા હતા. શોભાયાત્રામાં ટ્રકમાં ગાયક કલાકારો દ્વારા રાસ-ગરબાની સાથે વરસતા વરસાદમાં રમઝટ અને નાસીક બાજાની ધૂમ મચી હતી. સમગ્ર કાર્યક્રમમાં ઉત્સવ સમિતિના મગનભાઈ દેસાઈ, વિજય પુરોહિત, પ્રકાશસિંહ પરમાર, પ્રકાશભાઈ અગ્રવાલ, નાગેશ દોષી, ડૉ. રાજેશ, પ્રતાપ જાની, મનુભાઈ પુરોહીત, ભરત સોની સહિત અનેક અગ્રણી કાર્યકરો અને ભાવિકો જોડાયા હતા.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરૂવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૪-૯-૨૦૧૪ ને ગુરૂવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજે માળ,સેક્ટર-૨૨ ખાતે સાંજે ૪.૦૦ વાગે મળશે.

આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોને અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## વડાગામમાં બાઈક ચોરીની ફરિયાદ છ મહિને પોલીસ ચોપડે નોંધાઈ

વડાગામ, તા. ૨

ધનસુરા તાલુકાના વડાગામ ખાતે પોલીસે છ મહિના પહેલા ચોરાયેલ એક બાઈકની ફરિયાદ હવે નોંધતા આશ્ચર્ય સર્જાયું છે. જિલ્લામાં પોલીસ તસ્કરી સહિતના અન્ય ગંભીર ગુના નહીં નોંધીને ક્રાઈમ રેટ ઓછો દેખાડી રહી હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવવા પામેલ છે.

બનાવની વિગતો મુજબ વડાગામના યુવાન યોગેશ અંબાલાલ પટેલનું બાઈક તા. ૫મી ફેબ્રુઆરીથી ૨૭મી ઓગષ્ટ દરમિયાન ચોરાયું હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. હકીકતમાં રૂપિયા ૩૮૦૦૦ની કિંમતનું બાઈક ચોરાયાને ૬ મહિના વિતવા પછી પોલીસે ફરિયાદ નોંધી ક્રાઈમ રેટ ઓછો બતાવવા પ્રયત્ન કર્યો છે તેવી હકીકત બહાર આવેલ છે.

## બોલ મારી અંબે...જય જય અંબેના ગગન ભેદી નારાઓથી અરવલ્લીની ગીરીમાળાઓ ગુંજી ઉઠી 'અંબાજી દુર હૈ જાના જરૂર હૈ...'

જગવિખ્યાત સુપ્રસિધ્ધ જગતજનની જગદંબા માંના દર્શન તેમજ ભાદરવી પુનમના મહામેળામાં હરવા-ફરવાની સાથે-સાથે ગુજરાત રાજ્ય સહિત અનેકવિધ રાજ્યોમાંથી પગપાળા યાત્રાળુઓ અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. ભાદરવી પુનમના મેળાના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.ભિલોડા તાલુકાની અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા તમામ માર્ગો અંબાજી તરફ પગપાળા પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે. માર્ગો ઉપર ઠેર-ઠેર માનવ સાંકળ રચાઈ છે. રાત-દિવસ માર્ગો ઉપર માનવ મહેરામણ જોવા મળે છે. અંબાજી તરફના માર્ગો ઉપર ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટી રહ્યા છે. પગપાળા પદયાત્રીઓ માર્ગો ઉપરથી પસાર થઈ રહ્યા છે. બોલ મારી અંબે....જય જય અંબે.... ના જય ઘોષના ગગનભેદી નારાઓથી અરવલ્લીની ગીરીમાળાઓ ગુંજી ઉઠી છે. અત્ર-તત્ર-સર્વત્ર અબાલ, વૃધ્ધ-નાના મોટા સૌ-કોઈ માં અંબાના ગુણગાન ગાતા-ગાતા વરસાદમાં ભીંજાતા ભીંજાતા ધીમે-ધીમે અંબાજી ધામ તરફ આગળ વધી રહ્યા છે. યાત્રાળુઓમાં અનેરો આનંદ, ઉત્સાહ, ભક્તિભાવ જોવા મળે છે.

પગપાળા યાત્રીકોના ચહેરા ઉપર બીલકુલ થાક જોવા મળતો નથી. જ્યાં શ્રધ્ધા,આશાઓનો મહાસાગર હોય ત્યાં પુરાવાની ભાવિક ભક્તોને જરૂર હોતી નથી. ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર વિસામા,સેવા કેન્દ્રો શરૂ થયા છે. પગપાળા યાત્રાળુઓની અનેક વિધ સેવા કરવા સેવાભાવી કાર્યકરો નાત-જાત, ઉચ્ચ નીચના ભેદભાવ વગર વણમાગે સામે ચાલીને ભક્તોને બોલાવે છે. ભિલોડામાં બાપા સિતારામ સેવા કેન્દ્રમાં દવા કેન્દ્રમાં છેલ્લા કેટલાક વર્ષોથી મુકેશ પંચાલ, ઋષિકેશ ભાવસાર, ઋષભ ઓટો એજન્સી-હિરો-હોન્ડા શોરૂમ આગળ વગેરે કાર્યકરો ચલાવે છે. જય અંબે વિસામો ઓમ કોમ્પલેક્ષ માર્કેટમાં ચાલે છે. આ વિસામામાં શિરો, બટાકા-પૌઆ, પાણી-પુરી, દાળ-ભાત, પુરી શાકનું પાકુ ભોજન ઓમ, કૈલાશ કોમ્પલેક્ષ પરીવાર, શંકરપુરાના કચ્છી પાટીદાર ભાઈઓ તેમજ ભિલોડાના ગ્રામજનોના અથાગ સહયોગ તેમજ અનેક કાર્યકરો તન, મન, ધનથી હજ્જારો પદયાત્રીઓની સેવા કરી સેવાનો લાભ મેળવે છે.



## શામળાજી પોલીસે રૂ. ૨૧ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી

શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ઉપર શામળાજી પોલીસની ટીમે ચેકીંગ દરમિયાન આઈસર ટ્રકમાંથી રૂ. ૨૧ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડી ત્રણ શખ્સોની મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લા પોલીસ વડા, મયુરસિંહ ચાવડાની સુચના અનુસાર શામળાજી પોલીસમથકના પી.એસ.આઈ. એ.કે. વાળા તેમના સ્ટાફ સાથે આજે સવારે શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન હરિયાણા પાસીંગની આીસર ટ્રક નં. એચ.આર.૬૩.બી-૩૬૧૨ ની તપાસ કરતા તેમાથી પર પ્રાંતિય વિદેશી દારૂ બિયરની કુલ ૪૯૦ નંગ પેટી મળી આવી હતી. પોલીસે રૂ. ૨૧,૪૮,૦૦૦ નો દારૂ, રૂ. ૧૦ લાખની આઈસર ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂ. ૩૧,૫૧,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જસબીરસીંગ, વેદપાલસીંગ અને સુભાષ હરીજન ત્રણેય (રહે. હરિયાણા)ને ધરપકડ કરીતમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોંગ્રેસના વધુ સાત સભ્યો ભાજપમાં જોડાતા રાધનપુર નગરપાલિકા કોંગ્રેસ મુક્ત

ગાંધીનગર, તા. ૨

રાધનપુર નગરપાલિકા સંપૂર્ણ કોંગ્રેસ મુક્ત થતાં પાલિકામાં ભાજપનો ભગવો લહેરાવા પામ્યો છે. રાધનપુર નગરપાલિકામાં કોંગ્રેસનું સાશન હતુ પરંતુ થોડા દિવસ અગાઉ કોંગ્રેસના ૧૨ સભ્યોએ કોંગ્રેસ પક્ષને અલવીદા કરીને ભાજપમાં જોડાઈ જતા રાધનપુર નગરપાલિકામાં કોંગ્રેસે સત્તા ગુમાવવી પડી હતી અને ભાજપે સત્તા મેળી હતી.આજે કોંગ્રેસના બાકીના સાત સભ્યોએ પણ કોંગ્રેસને અલવીદા કરીને ભાજપમાં જોડાઈને ભગવો ધારણ કરતાં રાધનપુર નગરપાલિકા સંપૂર્ણ કોંગ્રેસ મુક્ત બનવા પામી છે.

## પોલારિસે રજૂ કરી ઈન્ડિયન સ્કાઉટ મોટરસાયકલ

પોલારિસ ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા નવી ઈન્ડિયન સ્કાઉટ બાઈકની રજૂઆત કરવામાં આવી છે. ઓફ રોડ અને ઓલ ટેરેઈન વ્હીકલ્સમાં વિશ્વમાં નેતૃત્વ ધરાવી પોલારિસ ઈન્ડસ્ટ્રીઝ ઈન્કોની સંપૂર્ણ ભારતીય સબસિડયરી દ્વારા રજૂ થયેલી ઈન્ડિયન સ્કાઉટ બાઈકનાં બુકિંગની સરૂઆત કરવામાં આવી છે.



## સેવાભાવી દાતાએ મગોડીના વૃધ્ધાશ્રમના અશક્ત વડીલોને જાત્રા કરાવી

ગાંધીનગર તાલુકાના દહેગામ રોડ પર આવેલ મગોડી ગામે નિર્મળ સેવા ટ્રસ્ટ દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમ નામે એક ઘરડાઘર ચલાવવામાં આવી રહ્યું છે. આ ઘરડા ઘરના વડીલોને તાજેતરમાં એક સેવાભાવી દાતા તરફથી ગળતેશ્વર મહાદેવ અને સંતરામ મંદિરનો પ્રવાસ કરાવાયો હતો. મગોડી ગામે ચાલતા આ વૃધ્ધાશ્રમમાં તાજેતરમાં એક સેવાભાવી વ્યક્તિ પ્રફુલ્લભાઈ મુલાકાતે આવ્યા હતા. આ વૃધ્ધાશ્રમની કામગીરી જોઈને તેઓ પ્રભાવિત થયા હતા અને તેમણે આ ઘરડાઘરના અશક્ત, પથારીવશ વડીલોને જોત્રા કરાવવાની ઈચ્છા દર્શાવી હતી. વૃધ્ધાશ્રમના સંચાલકોએ તેમની સાથે મળીને ડાકોર નજીક આવેલ ગળતેશ્વર અને નડીયાદના સંતરામ મંદિરના પ્રવાસનું આયોજન કર્યુ હતું. પ્રફુલ્લભાઈના દયાના અમીઝરણામાં તેમના પરીવારજનોનો ઉમળકો પણ ઉમેરાયો હતો અને આ કાર્યમાં તેમના દીકરી કોમલબેન તેમજ તેમના માતા અને અન્ય સભ્યો પણ જોડાયા હતા. આ જાત્રા-પ્રવાસ બાદ પ્રફુલ્લભાઈએ વડીલોને દાન-દક્ષિણા પણ આપી હતી. વૃધ્ધાશ્રમના સંચાલકોએ તેમનો ખૂબ આભાર માન્યો હતો.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## કલાકાર સ્નેહમિલન સમારોહ યોજાયો

કલા ક્ષેત્રની ઓળખ બની ગયેલ કલા સંપૂટ દ્વારા કલાકાર સ્નેહમિલન-૨૦૧૪ અને નવરીબજારનું વિમોચન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગત ૩૧ ના રોજ સંસ્કૃતિ હોલ રવિશંકર રાવલ કલા ભવન અમદાવાદ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પરેશ રાવલ અમદાવાદ પૂર્વ સાંસદ, યોગેશ ગઢવી, અધ્યક્ષ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ભાગ્યેશ જહા, સચિવ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, પી. ખરસાણી કલા જગતના વડલા અશોક દવે, મહેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### ટક્કર મારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસે સામેથી રોંગ સાઈડથી ધસમસતી આવતી ટ્રકે ઈકો કારને જબરદસ્ત ટકકર મારી હતી. આ અકસ્માતમાં ઈકો કારના ચાલક રાજેશ પટેલનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત નિપજયું હતું. અને કારના પણ ફુરચેફુરચા ઉડી ગયા હતા. અકસ્માત બાદ ટ્રક મુકીને આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી મૃતકના કાકા મોહનભાઈ પટેલની ફરિયાદના આધારે ફરાર ટ્રક ડ્રાઈવર સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.


### ચાંદીપુરમ્ દેખાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂના તપાસ માટે મોકલાયા હતા જેનો રિપોર્ટ ગઈકાલે આવ્યો હતો. જેમાં ચાંદીપુરમ પોઝીટીવ જણાયું હતું.

ગાંધીનગર જિલ્લામાં ચાંદીપુરમ્નો કેસ મળતાં જ તંત્ર પણ ઉંઘતુ ઝડપાયું છે. બધુ સરસ અને સારૂ ચાલતુ હોવાની તંત્રની વાતો પોકળ સાબિત થઈ છે. તંત્રને આટલો ગંભીર કેસ નોંધાયો હતો તેની જાણ સુદ્ધા ન હોવાની હકીકતોએ સૌને ચોંકાવી દીધા છે. બાળકનું મોત ૯મી ઓગસ્ટના રોજ થયું હતું.

જિલ્લામાં આરોગ્યતંત્રની ઉદાસીનતાને લઈ સેવાઓ સામે વધુ એક પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. એક તરફ તંત્રના સઘનીકરણ અને સુદઢીકરણની વાતો થાય છે ત્યારે બીજી તરફ તંત્રના ઉદાસીન વલણની આવી વાસ્તવિકતાઓ તંત્ર વાહકો માટે આંખ ખોલનારી છે.

## શબ્દાવલી - ૫૪૯૪



### આડી ચાવી

૧. હિમાલયનું એક પ્રસિદ્ધ સ્થાન(૬)
૭. પુરૂષ, માણસ (૨)
૮. સીંગ, મગફળી (૩)
૯. સોગન, કસર (૨)
૧૦. સગાઇ માટે કહેણ આવે તે (૨)
૧૧. ... ઝરવી, તણખા ઝરવા (૪)
૧૩. દૃષ્ટિ, જોવાની ક્રિયા (૩)
૧૫. શ્રીરામની જયંતિ (૫)
૧૮. ખેતર, વગડો (૨)
૧૯. નમન કર (૨)
૨૦. પરોણાગત કરાવનાર (૪)
૨૧. વિદ્યા... થી શોભે છે (૩)

### ઊભી ચાવી

૧. જેને માન-સન્માનની ઇચ્છા ના હોય તે જ સાચી સેવા કરી શકે (૫)
૨. પોચું, ઢીલું (૫)
૩. રોમાંચ ઉત્પન્ન કરે તેવું(૪)
૪. વટવૃક્ષ, વટે સાવિત્રિમાં આ વૃક્ષની પૂજા થાય (૨)
૫. સૂર્ય, ભાસ્કર (૨)
૬. શિક્ષિત માટેની નોંધણી કરતી કચેરી (૮)
૧૧. લાગણીની કચેરી ઉચ્ચ સપાટી (૫)
૧૨. કલમથી રોપેલું (૩)
૧૪. સ્હેજ થોડુંક (૨)
૧૬. વંદન, નમસ્કાર (૩)
૧૭. વિજય, જીત (૨)
૧૯. ખ્રિસ્તી ધર્મની વંદનીય મહિલા (૨)

### શબ્દાવલી ૫૪૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિઘ્નસંતોષી (૪) મત (૬) તાલ (૭) કપ (૮) કુંદન (૧૧) રાન (૧૨) અપલક્ષણ (૧૩) તડ (૧૪) પળ (૧૫) વગ (૧૮) રત (૧૯) જીરાફ (૨૧) વાતડ

**ઊભી ચાવી :-** (૧) વિપ્ર (૨) સંતાપ (૩) તોલ (૫) તજ (૭) કનડગત (૮) કુંપળ (૯) દલ (૧૦) નક્ષત્ર (૧૧) રાતવરત (૧૨) અપરાજીત (૧૬) સાફ (૧૭) મશક (૨૦) રાડ

## રક્તદાન - મહાદાન

### હજુ પથારીવશ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધોવાણ થયેલ છે. આ કડાકામાં ધરાશાયી થયેલા શેર હજુ પણ આ તેજીમાં ઉંચકાયા નથી જેથી કેટલાક રોકાણકારોની મુડી હજુ સલવાયેલી જ રહેલી છે. શેરબજારને સપોર્ટ કરતા જીડીપી ગ્રોથ તેમજ સરકારના અસરકારક પગલાં પણ આ પથારીવશ શેરને ઉભા કરી શકયા નથી. જો કે એફએફઆઈના વિદેશી રોકાણમાં ચુનંદા સ્ક્રીપ્ટોને ભરપુર સહારો મળ્યો છે અને એફએફઆઈ હજુ પણ રોકાણના મુડમાં જ જણાઈ રહી છે.

શેર માર્કેટ નિષ્ણાંતોની સલાહ મુજબ ૨૦૦૭ના કડાકામાં ઘટી ગયેલા શેરનું એન્ય તેજી વાળા શેરમાં રોકાણ કરવું હિતાવહ હોવાનું જણાવી રહ્યા છે. છતાં પણ આ અંગે શેરબજારના અમુક પરિબળો જ આ ઘાયલ શેરને ઉંચા લાવશે તેવો આશાવાદ વ્યકત થઈ રહ્યો છે.

### પદયાત્રીઓથી છલકાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંબેની હાક મારી પ્રતિસાદ આપી રહ્યા છે.

આ પદયાત્રીઓની સેવા માટે આ હાઈવે પર અનેક સેવાકેન્દ્રો પણ ચોવીસ કલાક અવિરતપણે ચલાવાઈ રહ્યા છે. આ સેવા કેન્દ્રોમાં પદયાત્રીઓને ફળો, ચા-કોફી, વિવિધ ગરમાગરમ નાસ્તા અને કેટલાક વિસ્તારમાં પાક્કા ભોજનની પણ સગવડ કરવામાં આવી છે. વળી, અનેક સેવા કેન્દ્રોમાં મેડીકલ સારવાર અને દવાઓ પણ વિનામૂલ્યે પુરી પાડવામાં આવી રહી છે. પદયાત્રીઓને સવારે ન્હાવા-ધોવા, બ્રસ કરવાથી લીને રાત્રે સુવા સુધીની આરામની સગવડ પણ આ સેવાકેન્દ્રો પર મોજુદ છે. ગિયોડ અંબાજી મંદિર ખાતે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પમ પદયાત્રીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રીઓની શ્રદ્ધા અને ભક્તિને જોઈ સૌ કોઈ તેમને મનોમન વંદન કરી રહ્યા છે.

### સાંજે જ કેમ ?

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી હોતા. સાંજે સૂર્યાસ્ત બાદ દરિયાના પવનોની અસર અને જમીન પરના પવનોની અસરના કારણે સૂર્યની ગેરહાજરીમાં વાદળો વધુ ઠંડા બને છે. આ ઠંડા વાદળો વિખેરાવવાનું શરૂ કરે છે અને વિજળીના કડાકા સાથે વરસાદ સ્વરૂપે જમીન પર ખાબકે છે. એટલે રાત્રે વરસાદ વધુ પડે છે. વાતાવરણમાં જે ફેરફારો થાય છે તે સૂર્યાસ્ત બાદ વધુ પ્રમાણમાં થતાં હોવાથી મોટાભાગે સૂર્યાસ્ત બાદ તોફાની વરસાદ પડે છે.


### જાહેરાત
### બીજો પ્રયત્ન

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પ્રથમ માળ, ગાંધીનગર આ કચેરી ખાતે ઈલેક્ટ્રીક રીપેરીંગની કામગીરી માટે વાર્ષિક કરારથી કામગીરી કરવાની હોય મકાન અને માર્ગ ખાતામાં રજીસ્ટર થયેલ હોય તેવા માન્ય કોન્ટ્રાક્ટરો પાસે ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રીના નામજોગ રજીસ્ટર પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે તા. ૨૨/૯/૨૦૧૪ સુધીમાં સાંજે ૫-૦૦ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવા. આ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણ દર્શાવવામાં આવશે નહીં.

કમિશનર,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૧૦૯/૧૪-૧૫



### ટુંકી મુદતની જાહેર નિવિદા નંબર-૧/૨૦૧૪
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી માર્ગ યોજના પંચાયત પેટા વિભાગ
જિલ્લા પંચાયત ગાંધીનગર

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ યોજના પંચાયત પેટાવિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ ફોન નંબરઃ ૨૩૨૫૬૯૬૩ દ્વારા ગુજરાત રાજ્યની જેતે મજુર કામદાર સહકારી મંડળીઓ તથા માન્ય ઈજારદારશ્રી દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તથા પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કચેરી સમય દરમિયાનના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી છે.

| અનુ | કામનો નંબર | કામની વિગત | અંદાજી રકમ રૂ. | મજુર કામદાર સહકારી મંડળી/ માન્ય ઈજારદારશ્રી માટે મેળવવાની છેલ્લી તારીખ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મજુર કામદાર સહકારી મંડળી માટે ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ | મજુર કામદાર સહકારી મંડળી માટે ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ | માન્ય ઈજારદારશ્રી માટે ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ | માન્ય ઈજારદારશ્રી માટે ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | કલોલ તેમજ ગાંધીનગર વેસ્ટ સેકશનમાં આર.પી. સબડીવીઝન જિલ્લા પંચાયત ગાંધીનગર હસ્તકના રસ્તાની બંને બાજુએ ગેરૂ તેમજ ચુનો કરવાનું કામ | ૯૬,૯૬૦.૦૦ | ૮/૯/૨૦૧૪ | ૧૬/૯/૨૦૧૪ | ૧૮/૯/૨૦૧૪ | ૨૫/૯/૨૦૧૪ |

સહી/-
નાયબ કાર્યપાલક ઈજનેર
માર્ગ યોજના પંચાયત પેટાવિભાગ
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૧૧૧૦/૧૪-૧૫



### જાહેરનામું
જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

જીલ્લો : મહેસાણા તાલુકો : મહેસાણા
(૧) ગામ : સુરજ, વ.કે. નં. ૮/૧૩
(૨) ગામ : શંખલપુર, વ.કે.નં. ૯/૧૩
(૩) ગામ : ચંદ્રોડા, વ.કે.નં.૧૦/૧૩

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો.) મહેસાણાના કલમ-૬ના જાહેરનામા ક્રમાંક :

| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|
| નં.જસં/ન.યો./ક.૬/વશી/૧૬૮/૧૪ | સુરજ | ૧૧/૮/૧૪ | ૮/૧૩ |
| નં.જસં/ન.યો./ક.૬/વશી/૧૬૯/૧૪ | શંખલપુર | ૧૧/૮/૧૪ | ૯/૧૩ |
| નં.જસં/ન.યો./ક.૬/વશી/૧૭૦/૧૪ | ચંદ્રોડા | ૧૧/૮/૧૪ | ૧૦/૧૩ |

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો.) મહેસાણાના કલમ-૪ના જાહેરનામા ક્રમાંક :

| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|
| નં.જસં/ન.યો./ક.૪/એ.૧/વશી/૪૧૩/૧૪ | સુરજ | ૧૭/૧૨/૧૩ | ૮/૧૩ |
| નં.જસં/ન.યો./ક.૪/એ.૧/વશી/૫૨૨/૧૪ | શંખલપુર | ૧૭/૧૨/૧૩ | ૯/૧૩ |
| નં.જસં/ન.યો./ક.૪/એ.૧/વશી/૫૨૩/૧૪ | ચંદ્રોડા | ૧૭/૧૨/૧૩ | ૧૦/૧૩ |

અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ (હવે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે.) આ સાથેની અનુસુચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂર બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧, મહેસાણાના જમીન સંપાદન અધિકારી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫(ક)ની પેટા કલમ (૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો.) મહેસાણાને એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી. અને ઉક્ત જમીનોના આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથે અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૮/૬/૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકારી/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧/, સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) અન્વયે આથી ઉક્ત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧, મહેસાણાને નીમવામાં આવે છે. ઉક્ત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ અધિનિયમની કલમ-૭ અન્વયે સાથે તા. ૨૬મી ઓગસ્ટ-૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ધમ/૧૦૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧ સાથે વાંચતા તેમની ફરમાવવામાં આવે છે.

ઉક્ત જમીનનો નકશો નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરી (ન.યો.) એકમ-૧, પાંજરાપોળ શોપીંગ સેન્ટર, પરાતળાવ પાસે, મહેસાણા-૧ ખાતે તપાસી શકાશે. (કચેરી સમય દરમિયાન)

#### અનુસુચિ-૧

વળતર કેસ નંબર : ૮/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : બેચરાજી ગામ : સુરજ ભાગ-(કોલમ-૧)

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ | જે માટે જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| ૬/૯૭ | ૦/૨૦/૩૭ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની સુરપુરા ડીસ્ટ્રીબ્યુટરીમાંથી નિકળતી ટુવડ માઈનોર નહેરના બાંધકામ માટે |

#### અનુસુચિ-૨

વળતર કેસ નંબર : ૯/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : બેચરાજી ગામ : શંખલપુર ભાગ-(કોલમ-૧)

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ | જે માટે જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| ૬૮૦/૨ | ૦/૨૬/૭૫ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની માનાવાડા ડીસ્ટ્રીબ્યુટરી નહેરના બાંધકામ માટે |

#### અનુસુચિ-૩

વળતર કેસ નંબર : ૧૦/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : બેચરાજી ગામ : ચંદ્રોડા ભાગ-(કોલમ-૧)

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ | જે માટે જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| ૪૨૯પૈ ૩ | ૦/૦૧/૨૨ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની બોલેરા શાખા નહેરમાંથી નિકળતી સુરપુરા ડીસ્ટ્રીબ્યુટરીના બાંધકામ માટે |
| ૪૨૯પૈ ૩ | ૦/૦૬/૩૨ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની બોલેરા શાખા નહેરમાંથી નિકળતી સુરપુરા ડીસ્ટ્રીબ્યુટરીમાંથી નિકલથી ૪-આર ટુવડ માઈનોરના બાંધકામ માટે |

સહી/-
(એમ. બી. ઠાકોર)
નાયબ કલેક્ટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
(નર્મદા યોજના), મહેસાણા

ક્રમાંક : નામાનિ/મહે/૧૫૫/૧૪-૧૫